ડી.સી.બી. પોલીસ સ્ટેશનના સેકન્ડ ગુના રજી.નં. ૩૦૪૩/૧૮ મુજબના કામે મુદ્દામાલ પરત મેળવવાની અરજી નીચે હુકમ....

---

(૧) આ કામે અરજદારે/આરોપીએ હાલની અરજી આ ગુનાના કામે તેઓની પાસેથી કબજે કરવામા આવેલ તેમની માલીકીનો આઈફોન કંપનીનો એકસ મોડલ (એપલ કંપનીનો) વાળો મોબાઈલ તેમના નામે બીલથી ખરીદ કરેલ અને આ કામે જુગાર ધારાની કલમ ૪-૫ મુજબના ગુનાના કામે પોલીસે કબજે કરેલ છે અને તેનો ઉપયોગ તેઓ તેમના રોજીદા કામકાજ માટે કરતા આવેલા છે અને આ મોબાઈલ ઈલેકટ્રોનીકસ આઈટમનો હોઈ, વધુ સમય પડી રહેશે તો તેને નુકશાન થવાની પણ શકતયા રહેલી છે અને નામદાર કોર્ટ જે જે શરતો ફરમાવશે તેનું પાલન કરવાની ખાતરી આપે છે અને વચગાળાની કસ્ટડીમા પરત સોપવા વિનંતી કરેલ છે. અરજદારે અરજી સાથે મોબાઈલ ખરીદીના બીલની ઝેરોક્ષ તથા ઓળખ અંગેના પુરાવા તરીકે લાયસન્સની ઝેરોક્ષ સામેલ છે.

(૨) આ કામે એ.પી.પી.શ્રી તથા અરજદારના વિ.વકીલશ્રીને સાંભળ્યા. આ કામે મંગાવવામા આવેલ પોલીસ અભિપ્રાય રજુ થયેલ છે તે વંચાણે લેતાં તેઓએ સદરહુ આરોપીએ આ મોબાઈલ ફોન નો ઉપયોગ જુગારના ગુનામા કરેલ હોઈ જો પરત આપવામા આવે તો ફરીથી આવા ગુનામા તેનો ઉપયોગ થાય તેવી શકયતા રહેલી હોઈ, પરત નહી સોપવા જણાવેલ છે.

(૩) આ કામે કબજે કરવામા આવેલ સદરહુ મુદ્દામાલ મોબાઈલના માલીક અરજદાર/આરોપી છે તેવું રજુ કરેલ ખરીદીના બીલની ઝેરોક્ષ તથા પંચનામાની વિગતે તેમની પાસેથી કબજે કરવામા આવેલ તે હકીકતથી ફલીત થાય છે અને આ કામે અરજદાર એજ આરોપી છે અને તેમના કબજામાંથી કબજે લીધેલ છે. વળી,આ મોબાઈલ એ ઈલેકટ્રોનીકસ આઈટમનો મુદ્દામાલ છે અને તેમના રોજીદા વપરાશનું સાધન છે અને વધુ સમય પડી રહેશે તો તેને નુકશાન થવાની શકયતા રહેલી છે. પરંતુ સાથે સાથે પોલીસ તરફથી જે દહેશત વ્યકત કરવામા આવેલ છે તે પણ આ તબકકે ધ્યાને લેવાની

રહે છે. પરંતુ આ દહેશત કડક શરતો લાદીને નિવારી શકાય તેમ છે અને જો અરજદારને પરત ન સોપવામા આવે તો અરજદારને આર્થીક નુકશાની પણ સહન કરવી પડે તેમ છે તેથી નામદાર સુપ્રીમ કોર્ટના **Sunderbhai Ambalal Desai Vs. State of Gujarat AIR 2003 SC 638** ના ચુકાદામા આપેલ માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને લઈ જો અરજદારને અરજીમા જણાવેલ મુદ્દામાલની વચગાળાની કસ્ટડીમા શરતોને આધિન સુપ્રત કરવામા આવે તો યોગ્ય વ્યાજબી અને ન્યાયી જણાય છે. જેથી નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**-:: હુ ક મ ::-**

અરજદારની અરજી **મંજુર** કરવામા આવે છે.

અરજદારે ડી.સી.બી. પોલીસ સ્ટેશનના સેકન્ડ ગુના રજી.નં. ૩૦૪૩/૧૮ ના કામે કબજે કરવામા આવેલ તેમની માલીકીનો આઈફોન કંપનીનો એકસ મોડલ (એપલ કંપનીનો) વાળો મોબાઈલ છે તે મુદ્દામાલ પાવતીમા જણાવેલ કીંમતના દોઢી રકમના જામીન તથા તેટલી જ રકમના બોન્ડ આપ્યેથી વચગાળાની કસ્ટડીમા કેસનો આખરી નિકાલ થતા સુધી નીચેની શરતોને આધિન સુપ્રત કરવાનો હુકમ કરવામા આવે છે.

શ ર તો ::-

(૧) સદરહુ મુદ્દામાલ મોબાઈલ કોઈપણ વ્યકિત કે સંસ્થાને વેચાણ, ગીરો કે બક્ષીસ કે ઈતર રીતે ટ્રાન્સફર કે એસાઈન કરવી નહી.

(૨) સદરહુ મુદ્દામાલ મોબાઈલ ફરી કોઈપણ ગુનામા સીધી કે આડકતરી રીતે અન્ય કોઈ ગુનામા સંડોવાય નહી તેની તકેદારી રાખવી.

(૩) આ કોર્ટ જયારે જયારે ફરમાવે ત્યારે મુદ્દામાલ મોબાઈલ કોર્ટ સમક્ષ રજુ કરવો.

ઉપરોકત રકમના બોન્ડ આ અદાલતમા રજુ કરવા.

બોન્ડ રજુ થયેથી સંબંધીત પોલીસ સ્ટેશનને યાદી કરવી.

આજરોજ તા. ૧૨ મી માહે જુન સને ૨૦૧૮ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

તા. ૧૨ –૬–૧૮

( જયંતીલાલ અમૃતલાલ બારોટ )
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧
અમદાવાદ
UNIQUE CODE GJ-00494

JRRAVAL, PA